# આસપાસ ચોપાસ

# ચોંઢા



## ચોંઢા ગામનું ક્રિકેટ મેદાન

ચોંઢા ગામનું સુંદર મેદાન ગામના યુવાનો સહિત આજુબાજુનાં ગામોના યુવાનો માટે વિવિધ પોલીસ, ફોરેસ્ટ વિભાગની પરીક્ષાલક્ષી તૈયારીઓ કરવામાં માટે ખૂબ જ ફાયદારૂપ બની રહેશે. આજે દેશના ખૂણેખૂણામાંથી રમતગમત ક્ષેત્રે અનેક યુવાનો પોતાની પ્રતિભા દાખવી અનેક ગોલ્ડ અને સિલ્વર મેડલ મેળવી આગળ આવી રહ્યા છે, ત્યારે આ પ્રકારના મેદાનનું હોવું એ પણ ખૂબ જ જરૂરી બની રહે છે. મેદાનમાં લીલાછમ ઘાસ અને લાઈટની સુવિધા પણ ઉપલબ્ધ કરવામાં આવી છે. અહીં ગામના યુવાનો દ્વારા મોટે ભાગે ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન થાય છે, જેમાં સ્થાનિક સહિત આજુબાજુના યુવાનો પણ ભાગ લેતા હોય છે. આ પ્રકારનું મેદાન દરેક ગામમાં હોવું જોઈએ. જેના થકી ગ્રામ્ય વિસ્તારના યુવાનોમાં રહેલ પ્રતિભા નિખરી શકે.

## પદ્મવિભૂષણ અનિલભાઈ નાયક, ચેરમેન લાર્સન એન્ડ ટુબ્રો ગ્રુપ, મુંબઈ



LNT કંપનીના CSR પ્રોજેક્ટ હેઠળ ચોંઢા ગામના વિકાસમાં અનિલભાઈ નાયકનો સિંહફાળો રહ્યો છે. એમના તરફથી અત્યાર ઘણાં કાર્યો થયાં છે, જેમાં ૧. સૌપ્રથમ ભૂલકાં માટે સંપૂર્ણ સુવિધાઓ ધરાવતી ચાર આંગણવાડીનું નિર્માણ. આ આંગણવાડીમાં ગામનાં 200 જેટલાં બાળકોને ભણાવવાની સાથે પૌષ્ટિક આહાર પણ આપવામાં આવે છે. તેમજ રમતગમતનાં સાધનો પૂરાં પાડવામાં આવે છે, આંગણવાડીએ ચોંઢા ગામની આગવી ઓળખ ઊભી કરે છે. ૨.ગામની એકમાત્ર માધ્યમિક-ઉચ્ચ માધ્યમિક શાળા અદ્યતન સાયન્સ લેબોરેટરી તેમજ 30 ડેસ્કટોપ ધરાવતી અદ્યતન કોમ્પ્યુટર લેબની સુવિધા ઊભી કરાઈ છે. ૩. અદ્યતન સુવિધા સાથે 120 બેડની નવી કન્યા છાત્રાલયનું નિર્માણ કરવામાં આવ્યું છે. જેમાં વિદ્યાર્થિનીઓને જરૂરી બધી સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે. ૪. ડો.મણીભાઈ દેસાઈ શાળામાં દરેક ક્લાસ રૂમમાં સ્માર્ટ બોર્ડ, બેંચ, આધુનિક કોમ્પ્યુટર લેબ વગેરે શાળાની જરૂરિયાત મુજબની સંપૂર્ણ સુવિધાઓ સાથેનું અદ્યતન શાળાનું બાંધકામ. ૫. સૌથી વધુ આદિવાસી વિદ્યાર્થીઓ રહી શકે તેવા સુવિધાયુક્ત આધુનિક કુમાર છાત્રાલયનું નિર્માણ. ૬. ગામમાં અદ્યતન ગ્રામ પંચાયત ભવનનું નિર્માણ. ૭. ગામના ૧૫૦થી વધુ ગરીબ કુટુંબોને ગીર ગાયો આપવામાં આવી છે. ૮. સોલાર લાઈટની તેમજ ગ્રામજનોને ગામમાં જ રોજગારી મળી રહે એ માટે દરેક કુટુંબીજનોને શાકભાજી ઉત્પાદન માટે મંડપ અને શાકભાજી બિયારણ કિટનું વિતરણ તેમજ સોલાર વોટર પમ્પ, ખેડૂતના ખેતર સુધીની પાઈપલાઈન, જર્જરિત થઈ ગયેલ ચેકડેમો રિપેરિંગ વગેરે વિવિધ રોજગારલક્ષી યોજનાઓ આપવામાં આવી છે. આમ, અનિલભાઈ નાયક દ્વારા ચોંઢા ગામ તેમજ નજીકનાં ગામોમાં લગભગ ૨૨ કરોડથી વધુનાં વિકાસ કાર્યો થયાં છે અને સતત વિકાસ કર્યો ચાલુ છે.

## ચોંઢા અને ધરમપુરને જોડતો પુલ ઊંચો કરવાની જરૂરિયાત

વાંસદા તાલુકાનું છેવાડાનું ગામ ચોંઢા અને ધરમપુર તાલુકા વચ્ચેથી તાન નદી પસાર થાય છે, જે નદીનો પુલ ખૂબ જ સાંકડો અને ઓછી ઊંચાઈ વાળો હોવાના કારણે ચોમાસા દરમિયાન પુલ ઉપર પાણી ફરી વળતાં મહિનાઓ ઘણા દિવસો સુધી લોકોએ પુલ પરથી પસાર થવું મુશ્કેલ બની જાય છે. જેને લઇ ચોંઢા ગામમાં વસતા ખેડૂતો, નોકરિયાત વર્ગ અને વેપારીઓએ ખુબ ચકરાવો લઈ ધરમપુર બાજુ જવું પડે છે. આ તાણ નદી પરનો પુલ સાંકળો અને ખૂબ જ લાંબો હોવાથી ચોમાસા દરમિયાન અચાનક નદીમાં વધુ પાણી આવી જતાં યુવક તણાઈ ગયો હોવાનો કિસ્સા પણ સામે આવ્યો છે. જેને લઇ સ્થાનિકો અને ગામના સરપંચની આ પુલ પહોળો અને ઊંચો કરવાની વર્ષોથી માંગ રહી છે.

## અંજની કન્યા છાત્રાલય

ગામમાં માધ્યમિક શાળા શરૂ કરવાનો મુખ્ય ઉદ્દેશ પરિપૂર્ણ થયા પછી કન્યા કેળવણીને પ્રોત્સાહન મળી રહે અને ચોંઢા તેમજ આજુબાજુનાં ગામોની દીકરીઓ પણ માધ્યમિક શિક્ષણ મેળવી શકે તે માટે મંડળે ટ્રાયબલ ડેવલોપમેન્ટ બોર્ડ ગવર્નમેન્ટ ઓફ ગુજરાત ગાંધીનગરની પરવાનગીથી નવેમ્બર-2003માં કન્યા છાત્રાલયની શરૂઆત કરવામાં હતી. જેમાં ચોંઢા ગામથી દૂરના અંતરિયાળ વિસ્તારનાં ગામોમાંથી આવતા વિદ્યાર્થિનીઓ વિનામૂલ્યે આ છાત્રાલયમાં રહીને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ મેળવી રહી છે. જેનાથી કન્યા સાક્ષરતાનું પ્રમાણ પણ વધ્યું છે અને ડ્રોપ આઉટ રેશિયો પણ ઘટ્યો છે. આ છાત્રાલયમાં રહી અભ્યાસ કરનારા વિદ્યાર્થીઓ આજે વિવિધ શહેરોમાં ઉચ્ચ શિક્ષણ પણ મેળવી રહ્યા છે.

## ચોંઢા ગ્રામ પંચાયત મકાન

વિકાસની દૃષ્ટિએ જોવા જઇએ તો ચોંઢા ગામ એ રસ્તા, પાણી, ખેતી, વ્યવસાય, એજ્યુકેશન એમ દરેક ક્ષેત્રે વિકાસના પંથે આગળ વધી રહ્યું છે. ત્યારે ગામમાં આવેલું ગ્રામ પંચાયતનું મકાનની જૂનું હોવાથી છેલ્લા ઘણા સમયથી નવા ગ્રામપંચાયત ભવનની જરૂરિયાતની પહેલ થકી તંત્ર દ્વારા નવા ગ્રામ પંચાયત મકાનનું નિર્માણ કરવામાં આવ્યું છે. જ્યાં ગામના લોકો પોતાની સમસ્યા, રજૂઆત તથા પંચાયતને લગતાંતમામ કાર્યો માટે આવતા હોય છે.



## ચોંઢા ગામની દૂધડેરી

ચોંઢા ગામના લોકો શિક્ષિત હોવા સાથે પશુપાલન કરી દૂધના વ્યવસાય સાથે જોડાયેલા જોવા મળે છે અને સારું એવું દૂધ ઉત્પાદન કરી પગભર થઈ રહ્યા છે. ગામના મુખ્ય ચાર રસ્તા પાસે આવેલી દૂધડેરીમાં ગામના સાડા ત્રણ હજાર જેટલી વસતી ધરાવતા ગામમાં દૂધમંડળીના સભાસદો દૂધ ભરી સારી એવી આજીવિકા મેળવી રહ્યા છે.

## શાળામાં શૈક્ષણિક અને સહ અભ્યાસ પ્રવૃત્તિઓ

શાળામાં વર્ગ દીઠ મર્યાદિત બાળકની સંખ્યા, અદ્યતન ઓડિયો-વિઝ્યુઅલ સાથેના (સ્માર્ટ બોર્ડ) થકી ઈ-લર્નિંગ શિક્ષણ, દર અઠવાડિયે યુનિટ ટેસ્ટ, સાયન્સના ટેલેન્ટેડ વિદ્યાર્થીને વ્યક્તિદીઠ ટેબલેટ/લેપટોપ આપીને NEETની તૈયારી, કોમર્સના વિદ્યાર્થીઓને Tally Prime ક્લાસ, દર અઠવાડિયે ડોક્ટરની નિયમિત શાળા વિઝિટ, દરરોજ યોગ-પ્રાણાયામના ક્લાસ અને રમતગમતની પ્રવૃત્તિ અને NSSનું આયોજન કરવામાં આવે છે. શાળાનું વર્ષ ૨૦૨૪-૨૫માં SSCનું રિઝલ્ટ ૯૭.૮૨%, HSC આર્ટસનું રિઝલ્ટ ૯૬.૧૫% અને HSC સાઇન્સનું રિઝલ્ટ ૯૦.૪૭% આવ્યું હતું. જેમાં ૧૧ વિદ્યાર્થી NEET પરીક્ષામાં ઉત્તીર્ણ થયા હતા અને વિદ્યાર્થીઓએ આયુર્વેદિક ડોક્ટર (BAMS), ફાર્મા, BSC નર્સિંગ વગેરેમાં પ્રવેશ મેળવ્યો છે. આમ આ શાળા આ વિસ્તારના આદિવાસી સમાજનાં બાળકો માટે ખૂબ જ લાભદાયી સાબિત થઈ છે. શાળામાંથી અભ્યાસ પૂર્ણ કરી આજે વિદ્યાર્થીઓ શહેરોમાં ઉચ્ચ અભ્યાસ મેળવી રહ્યા છે.



## ચોંઢા ડ્રીમ વિલેજ અંતર્ગત ગામના વિકાસ માટે કરવામાં આવેલી પ્રવૃત્તિઓ

૧. યુવાધન સંકુલ યુવાનો માટે રમતગમત મેદાનની સુવિધા.
૨. ગામની લગભગ ૩૭ આદિવાસી યુવતીઓને સિલાઈ મશીનનું વિતરણ તેમજ તમામની સિલાઈનું ગાઇડન્સ મળી રહે તે માટે ૬ મહિનાનો સિલાઈ તાલીમ શિબિરની વ્યવસ્થા.
૩. ગામમાં સ્ટ્રીટ લાઈટ, પીવાના પાણીની સુબિધા, સોલાર લાઈટ, સાંઈ કુટિર નિર્માણ, ગામમાં નિયમિત ભજન-કિર્તન.
૪. ગામના યુવાનો-ગ્રામજનો દ્વારા નિયમિત ગામની સફાઈ, દરેક ફળિયા તેમજ ગામમાં દર વર્ષે વૃક્ષારોપણ.
૫. ગામની પ્રાથમિક શાળામાં વિજ્ઞાન લેબની સુવિધા, શાળાના વિદ્યાર્થીઓ માટે રમતગમતનાં વિવિધ સાધનોની વ્યવસ્થા તેમજ દરેક વિદ્યાર્થીઓને ભગવદ્ ગીતા, હનુમાન ચાલીસા પુસ્તકનું વિતરણ તથા શાળાને લાઈબ્રેરી માટે વિવિધ પુસ્તકોનું વિતરણ.
૬. ગ્રામ પંચાયત ભવનમાં આખા વર્ષ દરમિયાન વિવિધ તાલીમ કાર્યક્રમો/સેમિનાર/મીટિંગ તથા વિચારવિમર્શનું આયોજન.
૭. નવસારી ખાતે યોજાયેલા ફ્લાવર શો તેમજ ગાંધીસ્મૃતિ ભવન, દાંડી દરિયા કિનારે ગામની શાળાના ૪૦૦થી વધુ વિદ્યાર્થીઓ, શાળા સ્ટાફ, ગ્રામજનો, ટ્રસ્ટી મંડળના સભ્યો, ગામના યુવાનો, વગેરેને ફ્રીમાં મુલાકાત કરાવી.

## ગામનું બસ સ્ટેન્ડ

ચોંઢા ગામમાં મુખ્ય ચાર રસ્તા પાસે ગામનું સુંદર બસ સ્ટેન્ડ આવેલું છે. જ્યાંથી વિદ્યાર્થીઓ અને ગ્રામજનો બસમાં બેસી મુસાફરી કરતા હોય છે.

## ગામના વિકાસ માટે હંમેશાં તત્પર રહેતા સરપંચ વેલજીભાઈ ગાંવિત

ગામના રહેવાસી વેલજીભાઈ લોટીયાભાઈ ગાંવિત જેઓએ સૌપ્રથમ ૨૦૧૩ ગ્રામ પંચાયતની ચૂંટણીમાં ગામની સેવા માટે સભ્ય તરીકે ઉમેદવારી નોંધાવી હતી અને વિજયી થયા હતા. ત્યારબાદ ૨૦૧૮માં ફરી સભ્ય તરીકે ચુંટાઈ આવ્યા હતા. ત્યારબાદ ચોંઢા ગામના યુવાનો અને વડીલો દ્વારા વેલજીભાઈને સરપંચ પદ માટે ઉમેદવારી નોંધાવવા પ્રોત્સાહિત કરતા વેલજીભાઈએ વર્ષ-૨૦૨૩માં સરપંચ પદ માટે ઉમેદવારી નોંધાવી હતી, ત્યારે ગ્રામજનોના સહકાર થકી તેઓ ગામના ઉમેદવારો સામે બહુમતીથી જીત મેળવી હતી. આમ, ગ્રામ પંચાયતમાં સતત બે ટર્મ સભ્ય તરીકે ચુંટાયા બાદ તેઓ હાલ સરપંચ તરીકે ચુંટાઈ આવી ચોંઢા ગ્રામ પંચાયતનો પદભાર સંભાળી રહ્યા છે. વેલજીભાઈ સભ્યમાં રહ્યા હતા ત્યારથી જ લોકોનાં દરેક સુખદુ:ખનાં કાર્યોમાં આગળ આવી તેમની સાથે રહેતા અને લોકોને પડતી મુશ્કેલીઓને દૂર કરવાના પ્રયત્નો કરતા. જેથી ગ્રામજનો દ્વારા તેમને સરપંચ પદનો ભાર સોંપ્યો છે. તેઓ સરકારની અનેક યોજનાઓથી પોતાના ગામમાં રહેતા જરૂરિયાતમંદ લોકોને માહિતગાર કરી તેનો પૂરતો લાભ પ્રજાને મળી રહે એ માટેના પ્રયાસો હાથ ધરી રહ્યા છે. તથા ચોંઢા ગામના વધુ વિકાસ માટે સરકારને જરૂરી ગ્રાન્ટ ફાળવવા માટે પણ રજૂઆત કરી હોય અને જે પ્રમાણે ગ્રાન્ટ ફાળવવામાં આવશે તે મુજબ વધુ વિકાસનાં કાર્યો કરવાનું જણાવ્યું હતું.




આનંદ આશ્રમશાળા

## ચોંઢા પ્રાથમિક શાળા

ચોંઢા ગામ શિક્ષણ ક્ષેત્રે પણ ધીમે ધીમે પ્રગતિ કરી રહ્યું છે. ચોંઢા પ્રાથમિક શાળામાં શાળા આચાર્ય મનોજકુમાર રામુભાઇ પવાર અને 8 શિક્ષકના નેજા હેઠળ ચાલતા બાલવાટિકાથી ધો.8માં આશરે 260 જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. ચોંઢા ગામમાં શિક્ષણની દૃષ્ટિએ જોવા જઇએ તો પ્રાથમિક શાળામાં શિક્ષણની સાથે સાથે વિદ્યાર્થીઓને સરકાર દ્વારા પૌષ્ટિક સારું ભોજન પણ અપાઇ રહ્યું છે. તેમજ અહીંના શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને ભણતર પ્રત્યે પૂરતું ધ્યાન તો આપવામાં આવે જ છે, પરંતુ રમતગમત ક્ષેત્રે પણ બાળકોને પ્રોત્સાહન અને તેમની પાછળ સારી મહેનત કરવામાં આવે છે. તેમજ શાળામાં બાળમેળો, આનંદમેળો, પ્રવાસ-પર્યટન સાંસ્કૃતિક કાર્યક્રમો, રામ હાટ, ઈકો કલબ વગેરે ઈતર પ્રવૃત્તિ કરાવવામાં આવે છે.




હનુમાન મંદિર



(માહિતી સંકલન અને તસવીરઃ ચેતન પટેલ, વાંસદા)